# પ્રભારી મંત્રી હાજર : અરવલ્લી જિલ્લા આયોજનની બેઠક ધારાસભ્યોના હોબાળા પછી રદ

## કોંગ્રેસના ૩ ધારાસભ્યોએ એક સંપ થઈ મોરચો માંડ્યો, અમારા આયોજનનાં કામ નામંજૂર કર્યાનો આરોપ સાથે ધારાસભ્યો નીચે બેસી ગયા





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫
અરવલ્લી જિલ્લામાં પ્રભારી મંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં બહુમાળી ભવનમાં આયોજન અંગેની બેઠક શરૂ થઈ તે સાથે જ કોંગ્રેસના ત્રણેય ધારાસભ્યોએ એક સંપે હોબાળો મચાવ્યો અને અમારા આયોજનના કામો નામંજૂર કર્યા છે તેવા આરોપ સાથે ધારાસભ્યો બેઠક દરમ્યાન નીચે બેસી જતાં આયોજનની બેઠક રદ કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લાના રાજકારણમાં એકાએક ગરમાવો આવી ગયો છે.

જિલ્લાના આયોજનના કામોના આધારે ગામડાઓ અને શહેરી વિસ્તારનો યોગ્ય વિકાસ થઈ રહ્યો છે ત્યારે ધારાસભ્ય જશુભાઈ પટેલ(બાયડ), રાજુસિંહ ઠાકોર(મોડાસા), ડૉ.અનિલભાઈ જોષીયારા(ભિલોડા)એ અમે સૂચવેલા આયોજનના કામો કાઢી નાખવામાં આવ્યા છે તેવા ગંભીર આક્ષેપ સાથે ત્રણેય ધારાસભ્યો ઉભા થઈ ગયા અને પ્રભારી મંત્રીની સામે જ નીચે જમીન ઉપર બેસી જતાં વાતાવરણ ગરમાયું હતું. ધારાસભ્યોએ જિલ્લા કલેક્ટર સામે પણ ગંભીર આક્ષેપ કર્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યોએ સરકાર દ્વારા પૂર્ણ થયેલા વિકાસ કામોના લોકાર્પણ સમયે પણ અમોને બાકાત રાખવામાં આવ્યાના પણ આક્ષેપ કર્યા છે. ધારાસભ્ય અને ટી.ડી.ઓ.ની સહી સાથે મંજૂર કરીને મોકલેલા આયોજનના કામો પણ રદ કરી દીધાનો આરોપ બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે લગાવ્યો છે.

### એજન્ડા વગર આયોજનની બેઠક : આક્ષેપ

બાયડ : કોંગ્રેસના ધારાસભ્યએ આક્ષેપ કર્યો કે મંગળવારે ધારાસભ્યોને સચિવાલયમાં કામ માટે જવાનો દિવસ છે છતાં અરવલ્લી જિલ્લા કલેક્ટરે કોઈપણ પ્રકારના એજન્ડા વગર ત્વરીત આયોજનની બેઠક બોલાવી હતી. કલેક્ટરની કામગીરી સામે પણ બાયડના ધારાસભ્યએ ગંભીર આરોપ લગાવ્યા છે.

# દારૂની બદી વધી

# બાયડ પંથકમાં દારૂના હાટડાંની યાદી રેન્જ આઈ.જી.ને અપાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫
અરવલ્લી જિલ્લામાં પોલીસ વડાની કડકાઈથી ૬ પૈકી ૫ તાલુકામાં દારૂબંધીનો કડક અમલ થઈ રહ્યો છે પરંતુ બાયડ, સાઠંબા અનો આંબલિયારા પોલીસ સ્ટેશન રાજસ્થાનની હદમાં આવતું હોય તે રીતે દારૂનાં હાટડાં દિવસ-રાત ધમધમી રહ્યાં છે. તાજેતરમાં જ બાયડમાં બુટલેગરોએ મહિલાનું માથું ફોડી નાખતાં પોલીસ બુટલેગરના બચાવમાં આવી જે ક્રોસ ફરિયાદ નોંધાઈ તેના કારણે પોલીસ સામે જબ્બર રોષ પ્રવર્તિ રહ્યો છે. બાયડ પંથકમાં દારૂનાં હાટડાંની યાદી રેન્જ આઈ.જી.નો મોકલવાનો જાગ્રત નાગરિકોએ નિર્ણય કર્યો છે.

સમગ્ર જિલ્લામાં બાયડના દારૂના બુટલેગરો પંકાયેલા છે. પાણીની પરબ, સંડાસ, બાથરૂમ તેમજ અન્ય ગેરકાયદે જગ્યામાં તાંણી બાંધેલા મકાનમાં દારૂ સંતાડી તેનો વેપલો કરાય છે અને તેમાં સ્થાનિક પોલીસ અંદરખાને સંડોવાયેલી છે. એલ.સી.બી. કે પછી વિઝીલન્સ સ્કવોર્ડ તપાસ માટે આવવાની હોય ત્યારે અગાઉથી જ બુટલેગરોએ તેની જાણ થઈ જાય છે. કારણ કે અગાઉ બાયડ તેમજ જિલ્લાના અન્ય સ્થળોએ ફરજ બજાવીને ગયેલા અધિકારીઓ તેમજ કર્મચારીઓ વિઝીલન્સમાં હોવાથી પોતાના હીતનો સાચવતા હોય છે. પરંતુ બાયડમાં જે રીતે તસ્કરી સહિત અન્ય પ્રકારના ગુનાનું પ્રમાણ ઉંચકાયું છે તેના પાછળ બેરોકટોક દારૂની બદી હોવાનો સ્પષ્ટ ઈશારો છે. આ સંજોગોમાં સ્થાનિક પોલીસ બુટલેગરો સાથે ભળેલી હોવાથી હવે ઉચ્ચ કક્ષાએથી તપાસ થાય તો જ દારૂનાં હાટડાં કાયમી બંધ થઈ જાય તેવી માન્યતા સાથે બાયડ, પાતોળી, સાઠંબા, ગાબટ, ડેમાઈ, આંબલિયારા, ચોઈલા, વાંટા, રમોસ સહિતના વિસ્તારોમાં દારૂનાં હાટડાં કોણ ચલાવી રહ્યું છે..?? ત્યાં નિયમિત કયા પોલીસ કર્મી મુલાકાતે જાય છે..?? તે તમામ વિગતોની યાદી રેન્જ આઈ.જી.નો પહોંચાડવામાં આવી રહી છે.

# જિલ્લામાં ઈંધણના વધતા ભાવથી વાહન ચાલકો સી.એન.જી. તરફ વળ્યા

## વાહનોમાં ગેસકીટ ફીટ કરાવવા ધસારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫
છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો થતાં વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. રોજ ઈંધણમાં ભાવ વધારાથી ત્રાસીને હવે અસંખ્ય વાહન ચાલકો સી.એન.જી. ગેસ તરફ વળ્યા છે. પેટ્રોલ-ડીઝલ કરતાં ગેસનો ભાવ ઓછો હોવાથી વાહન હંકારવું સસ્તુ બની રહેતું હોય છે જેના કારણે હમણાંથી જૂના વાહનોમાં ગેસ કીટ ફીટ કરાવવા માટે ગ્રાહકોનો ધસારો વધ્યો છે. જિલ્લામાં ૧ લીટર પેટ્રોલનો ભાવ રૂા.૯૩ ને આંબી ગયો છે. જ્યારે ડીઝલના ૧ લીટર દીઠ ભાવ રૂા.૯૪.૫૬ થતાં વાહન ચાલકોએ સી.એન.જી.નો વિકલ્પ અપનાવવાની શરૂઆત કરી છે.

સરકારે ઈંધણના કુદકે ને ભુસકે વધતા ભાવને નિયંત્રણ મુક્ત કરી દીધા ત્યારથી વાહન ચાલકોમાં ઈંધણના ભાવ વધારા મુદ્દે રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. વાહનોને ઘરઆગળ એક તબક્કે મૂકી રાખવાં પડે તે રીતે પેટ્રોલ-ડીઝલના ભાવ વધી રહ્યા છે. જિલ્લામાં પેટ્રોલ પછી ડીઝલનો ભાવ વધારો સતત ઉંચકાઈ રહ્યો છે જેના કારણે વાહન ચાલકો હવે સી.એન.જી. તરફ વળ્યા છે. સરકારે પણ પેટ્રોલ કે ડીઝલના ભાવ ઘટે તેવા કોઈ હજુ સુધી અણસાર આપ્યા ન હોવાના કારણે વાહન ચાલકો જાતે જ સી.એન.જી.નો વિકલ્પ પસંદ કરવા લાગ્યા છે. ખાસ કરીને જૂનાં વાહનો એવરેજ આપતાં ન હોવાથી હવે સી.એન.જી. કીટ ફીટ કરવાનો મોહ વધ્યો છે. ઈંધણથી ચાલતા વાહનોમાં પેટ્રોલ વાહન દ્વિ-ચક્રી હોય તો લીટરે ૫૦ કી.મી. સુધીનું એવરેજ આપે છે પરંતુ ફોર વ્હીલર વાહનમાં સારૂ એવરેજ મળતું ન હોવાથી મોટાભાગના વાહન ચાલકો પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી. ગેસનો તફાવત શોધવા લાગ્યા છે જેમાં સી.એન.જી. ગેસ વધુ સસ્તો પડતો હોવાથી વાહનોમાં ગેસ કીટ નંખાવનારા ગ્રાહકોની સંખ્યામાં હમણાંથી વધારો થઈ રહ્યો છે.

### દ્વિ-ચક્રી વાહનોમાં એવરેજ સેટ કરવાની મથામણ

બાયડ : ઈંધણના ભાવ વધારાથી ત્રાસેલા વાહન ચાલકો હવે વાહનોમાં સી.એન.જી. કીટ ફીટ કરાવી રહ્યા છે. જ્યારે દ્વિ-ચક્રી વાહનો પેટ્રોલથી ચાલતાં હોવાથી વાહન ચાલકોને પેટ્રોલના વધતા ભાવ હવે પોષાય તેમ ન હોવાથી કાર્બ્યુરેટર ટ્યુનિંગ કરી દ્વિ-ચક્રી વાહનોમાં એવરેજ સેટ કરવાની મથામણ શરૂ થઈ છે.

# અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખનો જન્મ દિવસ, પ્રભારી મંત્રીએ રૂબરૂ શુભેચ્છા પાઠવી

## અરવલ્લીમાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ૯૦ ટકા બેઠક જીતવાનો ઈતિહાસ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫
તા.૧૫ જૂન, મંગળવારે અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલનો જન્મ દિવસ હતો. ભાજપના સંગઠન હોદ્દેદારો અને કાર્યકરોએ સવારથી અભિનંદનનો ધોધ વરસાવ્યો. જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકરે સંગઠન પ્રમુખના ઘરે રૂબરૂ શુભેચ્છાઓ પાઠવી હતી. અરવલ્લીના ઈતિહાસમાં સ્થાનિક સ્વરાજ્યના જંગમાં ૯૦ ટકા બેઠક જીતવાનો ઈતિહાસ રચનાર પ્રમુખને વર્ષ-૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં જિલ્લાની ત્રણેય બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાય તેવી શુભકામના આપવામાં આવી. જિલ્લા ભાજપ સંગઠન યુવા મોરચા દ્વારા જન્મ દિવસ નિમિત્તે હોસ્પિટલમાં દર્દીઓને ફળફળાદીનું વિતરણ કરવામાં આવ્યું.

ભાજપનાો કાર્યકર્તા હરહંમેશ સેવા માટે તત્પર હોય છે, ન તેને કોઈ મોટા પદની અપેક્ષા હોય છે, પાછલા ૨ મહિના દરમ્યાન કોરોનાએ અરવલ્લી જિલ્લાને સાણસામાં લીધો. અન્ય પક્ષોના આગેવાનો ક્યાંય દેખાયા નહીં ત્યારે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખની આગેવાની હેઠળ તમામ ૮ મંડલના ભાજપ સંગઠન હોદ્દેદારો અને કાર્યકરોએ કોરોનાગ્રસ્ત દર્દીઓને શક્ય તેટલી તમામ મદદ કરી આફતના સમયે મદદરૂપ થયા. મંગળવાર જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખનો જન્મ દિવસ હોવાથી સોશ્યલ મીડીયા ઉપર સંગઠન હોદ્દેદારો, આગેવાનો અને જિલ્લાના પ્રબુધ નાગરિકોએ જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી. જિલ્લા પ્રભારી મંત્રીએ ગાંધીનગરથી મોડાસા આવી વિશેષ શુભકામનાઓ પાઠવવાની સાથે તેમની આગેવાનીમાં જિલ્લા ભાજપ સંગઠન વધુ મજબૂત બને, લોક કલ્યાણના વધુ કામો થાય તેવી અનોખી શુભકામના આપી. પ્રભારી મંત્રી આવ્યા ત્યારે જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, હસમુખભાઈ પટેલ, કાર્યાલય મંત્રી અશ્વિન પરમાર, યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર સહિત અગ્રણી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



# મેઘરજ ખાતે રૂ.૨.૪૦ લાખના ખર્ચે નવનિર્મિત તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ

## ભવનના નિર્માણથી તાલુકાની જનતાને એક જ જગ્યાએથી તમામ સુવિધાઓ - પ્રભારી મંત્રી

બાયડ ( બ્યુરો ઓફિસ) તા.૧૫
મેઘરજ તાલુકા ખાતે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નવનિર્મિત તાલુકા પંચાયત ભવનનો લોકાર્પણ કાર્યક્રમ જિલ્લા પ્રભારી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

જિલ્લા પ્રભારી તથા વન અને આદિજાતિ



વિકાસ મંત્રી એજણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા કોરોના કાળ દરમિયાન બેરોજગારોને રોજગારી પૂરી પાડવા મનરેગા યોજના હેઠળ ૨૦૨૦-૨૧માં મેઘરજ તાલુકામાં કુલ ૨૦,૩૦૪ કુટુંબોને ૯.૨૦ લાખ માનવદિન મુજબ ૧૬૦૮.૯૯ લાખની રોજગારી પૂરી પાડેલ છે. મેઘરજ તાલુકામાં ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં મનરેગા યોજના હેઠળ કુલ ૧૫,૪૧૭ કુટુંબોને ૫.૫૭ લાખ માનવદિન મુજબ ૯૯૩.૧૯ લાખની રોજગારી પૂરી પડાઈ છે. સરકાર દ્વારા ૧૪માં નાણાપંચ અંતર્ગત મેઘરજ તાલુકાની ૪૭ ગ્રામ પંચયાતોમા ૧૪મુ નાણાપંચ અંતર્ગત ફાળવેલ કુલ રૂ.૩૭૦૬.૮૭ લાખ ગ્રાન્ટમાંથી વિવિધ વિકાસના ૩૩૯૭ કામ પૂર્ણ કરાયા છે.,ગુજરાત સરકાર દ્વારા ડીજીટલ સેવા સેતુ અંતર્ગત વિવિધ ૨૨ સેવાઓનો ગ્રામ્ય કક્ષાએ સરળતાથી સુવિધા મળી રહે છે. જેમાં આવકના દાખલા,આવક અંગેનું સોગંદનામું,વિધવા વિધવા સહાય ની તમામ સુવિધાઓ મેઘરજ તાલુકાની જનતાને એક જ ભવનથી તમામ પ્રકારની સગવડો મળી રહેશે. રૂપિયા ૨.૪૦ લાખના ખર્ચે બનેલ આ ભવનમાં મેઘરજ તાલુકાની ૧,૬૭,૧૧૫ વસ્તીને સુવિધાઓનો લાભ મળશે.

પ્રભારી એ લોકાર્પણ બાદ વણકરવાસ આંગણવાડી નંદઘરની મુલાકાત લઈ તેનું પણ લોકાર્પણ કર્યુ હતું, અને જેમાં આંગડવાડીની દીવાલો પર બાળકોનો અવલોકન શક્તિ અને મનોશારીરિક શક્તિનો વિકાસ થાય તેવા ચિત્રો,નીચે ૨ ફૂટના પટ્ટામાં બાળક ચોકથી કઈ પણ દોરી શકે તેવી વ્યવસ્થા, બાળકમાં લાઈફ સ્કીલનો વિકાસ થાય તેવા ચિત્રો તથા જીવન સાથે સંકળાયેલી વસ્તુઓ અને ક્રિયાઓ તેમજ પરિસરનો સચિત્ર પરિચય આપ્યો.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ લાલસિંહ રાઠોડ,ઉપપ્રમુખ કનુભાઈ




મનાત,જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર,જિલ્લા વિકાસ અધિકારી અનીલ ધામેલીયા,પ્રાંત અધિકારી મયંક પટેલ,ભાજપ અગ્રણી રાજેન્દ્ર પટેલ,જિલ્લા/તાલુકાના સદસ્યશ્રીઓ,મેઘરજ ગામના સરપંચ તથા અધિકારી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મેમદપુરના શહીદ વીરના પાર્થિવદેહને સન્માનભેર માદરે વતન ખાતે અંતિમવિધિ

## શહીદ વીર જશવંતસિંહ અમર રહોના નારા ગુંજયા....

વડગામ, તા. ૧૫
વડગામ તાલુકાના મેમદપુર ગામના બીએસએફ રિટાયર્ડ જવાનસિંહ રાઠોડના પુત્ર માઁ ભોમ ભારત માતાની રક્ષા કરતા જમ્મુ કાશ્મીરમાં ફરજ દરમિયાન શહીદ થયા છે. જેમના પાર્થિવ દેહને સન્માનભેર વતન ખાતે લાવવામાં આવ્યો હતો, મેમદપુર ગામના જશવંતસિંહ જવાનજી રાઠોડ વર્ષ ૨૦૧૧ માં બેંગ્લોર ખાતે, ત્યારબાદ નોર્થ ઈસ્ટમાં ત્રણ વર્ષ ફરજ બજાવી ત્યારબાદ જોધપુરમાં ત્રણ વર્ષ અને છેલ્લા અઢી વર્ષથી જમ્મુ-કાશમીરના પીંછવાડામાં ૧૭ રાષ્ટ્રીય રાયફલ બટાલીન આર્મીમાં ફરજ બજાવતાં હતા. જેઓં ફરજ દરમિયાન શનિવારે મોડી રાત્રે શહીદ થતાં પરિવારજનો સહિત સમગ્ર ગામમાં શોકનો માહોલ સર્જાયો હતો. જવાનસિંહ ભીખાજી રાઠોડ





પોતે બીએસએફ રિટાયર્ડ છે. તેમના ત્રણ પુત્રોમાંથી સૌથી મોટા હસમુખસિંહ રાઠોડ આઈટીબીપીમાં ફરજ બજાવે છે તેમનાથી નાના રણજીતસિંહ રાઠોડ એસઆરપીમાં ફરજ બજાવી રહ્યા છે અને સૌથી નાના જશવંતસિંહ રાઠોડ આર્મીમાં જેવો ફરજ બજાવતા શનિવાર રાત્રે શહિદ થયા હતા.

શહીદ વીર જશવંતસિંહ સોલંકી ના પાર્થિવ શરીર સોમવાર સવારે માદરે વતન મેમદપુર ખાતે લાવવામાં આવતાં શહિદ વીર અમર રહોના નારા ગુંજયા હતાં, શહીદ વીર જશવંતસિંહ સોલંકી ની અંતિમયાત્રા માં જિલ્લા ના લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. જિલ્લા, તાલુકા ના વહિવટી તંત્ર ના અધિકારીઓ,રાજકીય સહકારી આગેવાનો, સહિત તમામ સમાજોના અગ્રણીઓ જોડાયા હતાં. અંતિમ સંસ્કાર વખતે શહિદ વીર જસવંતસિંહ સોલંકી ને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યુ હતું.

# મોડાસામાં કોંગ્રેસ મહિલા કોર્પોરેટર રણચંડી બની

## વરસાદી પાણીની ગટર યોજનામાં હલકી કક્ષાનું મટેરીયલ વાપર્યું હોવાનો પર્દાફાશ કર્યો



મોડાસા, તા. ૧૫
મોડાસા વોર્ડ.નં-૯ ના કોંગ્રેસના મહિલા કોર્પોરેટર અંજુમબેન કાંકરોલીયા તેમના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેની ગટર યોજનાનું કામકાજ ચાલી રહ્યું હોવાથી સ્થળ પરીક્ષણ માટે ગયા હતા પાણીના નિકાલ માટેની ગટર પર ભરવામાં આવેલ ધાબા પર તિરાડો જોવા મળતા કામકાજ હલકી કક્ષાનું જણાતા ધાબા પર વજનથી પગ મુકતા મહિલા કોર્પોરેટરનો પગ ગટરમાં ઘૂસી જતા ચોકી ઉઠ્યા હતા અને જાતે ગટરના ધાબાની તપાસ કરતા લોખંડના સળિયા પણ પૂરતા પ્રમાણમાં ન હોવાનું અને સીમેન્ટ સહીત મટેરીયલ હલકી કક્ષાનું જણાતા મહિલા કોર્પોરેટરનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો અને ભ્રષ્ટાચારથી ખદબદતી ગટરની કામગીરી તાબડતોડ બંધ કરી દીધી હતી મહિલા કોર્પોરેટર ભ્રષ્ટાચાર સામે રણચંડી બનતા ગટરનુ કામકાજ કરનાર શ્રમિકો છું થઈ ગયા હતા

# જન્મદિને વધામણી


સમર્થ નિમીષકુમાર મહેરા
ઉભરાણ, તા.માલપુર


ફેનિલ પ્રશાંતકુમાર ભાવસાર
(હરિપાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


ઋષિ હિમાંશુભાઈ ત્રિવેદી
(ગોકુલેશ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


જગદીશભાઈ પટેલ
(પ્રા.શિક્ષક)
સરસોલી, તા.બાયડ


તખતસિંહ સોલંકી
(ઈમરજન્સી-૧૦૮)
બાયડ, જિ.અરવલ્લી


વિક્રમકુમાર ડી. પટેલ
બાયડ (દહેગામ)


ડૉ.રાકેશભાઈ સી. મહેતા
(ઉપપ્રમુખ : મોડાસા નગરપાલિકા)
(પ્રિન્સિપાલ : સી.જી.બુટાલા હાઈસ્કુલ-મોડાસા)
મોડાસા(ગાબટ)


અરવિંદભાઈ આર. પ્રજાપતિ
(પક્ષના નેતા : બાયડ નગરપાલિકા, ભાજપ)
(જયગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


રાકેશ પટેલ
નાનાચેખલા, તા.તલોદ